**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૯.૦° સે. | ૨૩.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૧.૦° સે. |
| વલસાડ | ૩૯.૦° સે. | ૨૦.૦° સે. |
| વાપી | ૩૯.૦° સે. | ૨૦.૦° સે. |

### ગણદેવી શહેરમાં રખડતાં કૂતરાંનો આતંક

# કૂતરાંનો બે બાળક પર હુમલો

**વડા** તળાવની પાળ પાસે પાંચ વર્ષના બાળકને માથામાં 17 ટાંકા આવ્યા

**બીજી** ઘટનામાં ખત્રીવાડમાં બાળકની ગરદનના ભાગે બચકું ભરી લીધું





**3 મહિનામાં 153 ડોગ બાઈટના કેસ નોંધાયા**

ગણદેવી સ્થિત સામુહિક આરોગ્ય કેન્દ્રના ચોકાવનારા આંકડા મુજબ ગત ડિસેમ્બર મહિનામાં ૫૫, જાન્યુઆરીમાં ૫૮ અને ફેબ્રુઆરીમાં ૪૦ મળી કુલ ૧૫૩ ડોગ બાઈટના કેસ નોંધાયા છે. જ્યારે ખાનગી હોસ્પિટલોમાં નોંધાતા કેસો આ આંકડા કરતાં વધુ હોવાની ચર્ચા છે.

બીલીમોરા: ગણદેવી શહેરમાં બે બાળક પર શ્વાનોએ હુમલો કરતા ચકચાર મચી હતી, જેમાં એક બાળકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં ૧૭ ટાંકા લેવા પડ્યા હતા. બીજી તરફ, છેલ્લા ત્રણ મહિનામાં સરકારી હોસ્પિટલમાં કુલ ૧૫૩ ડોગ બાઈટના કેસ નોંધાતા સમસ્યા કેટલી ગંભીર બની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગણદેવી શહેરના ખત્રીવાડ વિસ્તારમાં જળદેવી માતા મંદિર નજીક પાંચ વર્ષીય માસૂમ બાળક પર એક શ્વાને અચાનક હુમલો કરી તેની ગરદન પાછળ બચકું ભર્યું હતું. જ્યારે બીજા બનાવમાં શહેરના વડા તળાવની પાળ નજીક એક પાંચ વર્ષીય બાળકના માથાના ભાગે શ્વાને બચકાં ભરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૭ ટાંકા લેવા પડ્યા હતા.

શહેરમાં રખડતા શ્વાનોની સંખ્યા સતત વધી રહી હોવા છતાં નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ ડોગ કન્ટ્રોલ માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. શહેરમાં શ્વાનોના ખસીકરણ (સ્ટેરિલાઈઝેશન) માટે પણ કોઈ સુવ્યવસ્થિત કામગીરી ન હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે. બીજી તરફ શહેરમાં ઠેર ઠેર શરૂ થયેલી ચીકન, મટન અને માછલી વેચાણ તથા રાંધવાની હાટડીઓમાંથી બાકી રહેલો વેસ્ટ જાહેરમાં ફેંકવામાં આવે છે. જેના કારણે રખડતા કૂતરાંને સરળતાથી ખોરાક મળી રહે છે અને તેમની સંખ્યા તેમજ હિંસક વૃત્તિમાં વધારો થતો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. શહેરમાં કચરા નિકાલ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા હોવા છતાં કેટલાક નોનવેજ વેપારીઓ દ્વારા નિયમોનું પાલન કરવામાં આવતું નથી. શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા કૂતરાંના ઝૂંડ બાઈક અને મોપેડ પાછળ દોડતા હોવાના બનાવો પણ વધી રહ્યા છે, જેના કારણે અકસ્માતોની સંભાવના વધી રહી છે.

## આહવાના જંગલમાંથી ડિકંપોઝ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો

સાપુતારા: ડાંગ જિલ્લાના આહવાનાં બંધારપાડા ગામના અજયભાઈ (ડેબે) રાજુભાઈ પવાર નામના યુવકનો મૃતદેહ કાસવદહાડના જંગલમાંથી મળી આવતા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ યુવક છેલ્લા બારેક દિવસથી પોતાના ઘરેથી ગુમ થયો હતો અને પરિવારજનો સહિત ગ્રામજનો દ્વારા તેની સતત શોધખોળ કરવામાં આવી રહી હતી. દરમિયાન, કાસવદહાડના વન વિસ્તારમાં અતિશય દુર્ગંધ આવતા સ્થાનિક લોકો તપાસ માટે ગયા હતા, જ્યાં અજયભાઈનો ડિકંપોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં આહવા પોલીસે સ્થળ પર પહોંચી અકસ્માત મોતનો ગુનો નોંધી, મોતના કારણની દિશામાં તપાસ હાથ ધરી છે.

# આહવા ST ડેપો વિવાદમાં, બસ ફાળવણી મુદ્દે મુસાફરોમાં રોષ

**પરીક્ષા** ન હોવા છતાં વધારાની બસો દોડાવવામાં આવી

સ્થાનિકો વિદ્યાર્થીઓનું હિત અમારા માટે પ્રાથમિકતા: મેનેજર

સાપુતારા: આહવા ખાતે એસ.ટી. ડેપોના ગેરવહીવટના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. વિદ્યાર્થીઓની પરીક્ષાના નામે જરૂરિયાત કરતાં વધુ અને પરીક્ષા ન હોય તેવા રૂટ પર પણ બસો દોડાવવામાં આવતા સ્થાનિક મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આહવા એસ.ટી. ડેપો વિભાગ દ્વારા પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે વિશેષ બસોની ફાળવણી કરવામાં આવી હતી. આ વ્યવસ્થા માટે આહવા ડેપોએ અન્ય ડેપોની પણ મદદ લીધી હતી. જોકે સ્થાનિકો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, જ્યાં અંદાજે માત્ર 8 બસની જરૂરિયાત હતી, ત્યાં ડેપો દ્વારા 14 જેટલી બસો દોડાવવામાં આવી હતી. જે કેન્દ્રો પર આજે પરીક્ષા યોજાઈ ન હતી, ત્યાં પણ બસો મોકલવામાં આવતા અનેક બસો ખાલી દોડી હતી. પરીક્ષાના નામે બસોના આડેધડ ફાળવણીને કારણે આહવા અને ડાંગના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના સામાન્ય મુસાફરોને બસ સેવા ન મળતા ભારે હાલાકી ભોગવવી પડી હતી.

આ સમગ્ર વિવાદ અને ખાલી બસો દોડાવવાના આક્ષેપો અંગે આહવા એસ.ટી. ડેપોના મેનેજર યોગેશભાઈ ગોસ્વામીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓનું હિત અમારા માટે પ્રાથમિકતા છે. કદાચ ધોરણ 10નું પેપર ન હોય, તો પણ ધોરણ 12ની પરીક્ષા તો ચાલુ જ હોય છે. અંતરીયાળ ગામડાઓના વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં કોઈ અગવડતા ન પડે તે હેતુથી જ બસોની વ્યવસ્થા કાર્યરત રાખવામાં આવી છે.

એક તરફ જ્યારે એસ.ટી. નિગમ ખોટમાં હોવાની વાતો વહેતી હોય છે, ત્યારે બીજી તરફ આ પ્રકારે બિનજરૂરી બસો દોડાવીને ડિઝલનો ધુમાડો કરવા બદલ અને નબળા આયોજન બદલ તંત્ર સામે સવાલો ઊઠી રહ્યા છે.

## નવસારીમાં માર્ચની શરૂઆતમાં જ ઉનાળો બેફામ, 40 ડિગ્રી

**આગામી** દિવસમાં તાપમાન હજુ વધવાની શક્યતા

નવસારી: નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગના આંકડાઓ મુજબ નવસારી અને આસપાસના વિસ્તારોમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ ગરમીનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધતું જોવા મળી રહ્યું છે. તા. 8 માર્ચે મહત્તમ તાપમાન 39 ડિગ્રી અને લઘુત્તમ 17 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે તા. 9 માર્ચે મહત્તમ તાપમાન વધીને 39.8 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. સામાન્ય રીતે માર્ચ મહિનામાં તાપમાન 34 થી 35 ડિગ્રી આસપાસ રહેતું હોય છે, પરંતુ હાલ તેનાથી વધુ નોંધાતા ગરમીનો અહેસાસ વધી રહ્યો છે.

સવારે ભેજનું પ્રમાણ ઊંચું રહેતા ગરમી સાથે ઉકળાટ પણ અનુભવાઈ રહ્યો છે. તા. 9 માર્ચે સવારે ભેજ 97 ટકા નોંધાતા વહેલી સવારે પણ ગરમીનો અહેસાસ થયો હતો. બીજી તરફ સાંજના સમયે ભેજ ઘટીને 25 ટકા સુધી આવતા દિવસ દરમિયાન તાપમાન વધુ તીવ્ર લાગતું હોવાનું નિષ્ણાતો જણાવે છે.

પવનની ગતિ સામાન્ય કરતાં ઓછી હોવાથી ગરમીનો પ્રભાવ વધુ અનુભવાઈ રહ્યો છે. 8 માર્ચે ઉત્તર-પશ્ચિમ દિશાથી 2.1 કિમી પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાયો હતો, જ્યારે 9 માર્ચે ઉત્તર-પૂર્વ દિશાથી 4 કિમી પ્રતિ કલાકની ગતિ નોંધાઈ હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ દક્ષિણ ગુજરાતમાં તાપમાન ઊંચું રહેવાની શક્યતા છે. ખાસ કરીને બપોરના સમયે તાપમાન વધુ રહેતા લોકો માટે ગરમીથી બચવા સાવચેતી રાખવાની જરૂરિયાત જણાઈ રહી છે.

# નવસારીમાં જીતની ઉજવણીની ભીડે 108ને પાર કરાવી

**ટાવર** રોડ પર વિજયોત્સવ દરમિયાન લોકોએ નિભાવેલી ફરજનો વિડીયો વાયરલ થયો



નવસારી: ટી-20 વર્લ્ડકપની ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચમાં ટીમ ઈન્ડિયાની જીત થતાં જ સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ જામ્યો હતો. ત્યારે નવસારી શહેરમાં પણ લોકોએ ઉત્સાહભેર ભારતની જીતને વધાવી લીધી હતી. વિજયની ઉજવણી માટે શહેરના ટાવર રોડ વિસ્તારમાં મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ભેગા થઈ આતશબાજી અને નારા સાથે વિજયોત્સવ ઉજવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક 108 એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી હતી. સામાન્ય રીતે આવી ભીડમાં વાહન વ્યવહાર અટવાઈ જતો હોય છે, પરંતુ નવસારીના નાગરિકોએ સમજદારી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

એમ્બ્યુલન્સનો સાઈરન સંભળાતા જ લોકો તરત જ રસ્તા પરથી બાજુએ થઈ ગયા અને એમ્બ્યુલન્સને પસાર થવા માટે માર્ગ ખાલી કર્યો હતો. પોલીસની કોઈ ખાસ સૂચના વગર જ લોકોએ સ્વયંભૂ શિસ્ત જાળવી મેડિકલ ઈમરજન્સીને મહત્ત્વ આપ્યું હતું.

આ સમગ્ર ઘટનાના દ્રશ્યો ત્યાં હાજર લોકોએ મોબાઈલમાં કેદ કર્યા હતા, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. એમ્બ્યુલન્સ પસાર થઈ ગયા બાદ ફરી લોકો ઉજવણીના ઉન્માદમાં વ્યસ્ત થઈ ગયા હતા.



ગિરીશ ભોયે

# સુબીર-કરંજડા માર્ગ પર કન્ટેનર ખીણમાં ખાબક્યું

સાપુતારા: ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના લોખંડના પાઈપનો જથ્થો ભરી આહવા તરફ આવી રહેલું કન્ટેનર સુબીરથી કરંજડા વચ્ચે આવેલા વળાંક પાસે અચાનક બ્રેક ફેઈલ થઈ જતાં ખીણમાં ખાબક્યું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કન્ટેનરનો આગળનો ભાગ ખુરદો થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, ડાંગ પાણી પુરવઠા યોજનામાં ઉપયોગ માટે લોખંડના પાઈપ ભરેલું કન્ટેનર સુબીર તરફથી આહવા તરફ જઈ રહ્યુ હતુ. તે દરમિયાન સુબીર અને કરંજડા વચ્ચેના જોખમી વળાંક પાસે કન્ટેનરની અચાનક બ્રેક ફેલ થઈ જતા ચાલકે વાહન ઉપરનો કાબૂ ગુમાવ્યો હતો.પરિણામે કન્ટેનર માર્ગ પરથી નીચે ખીણમાં ખાબક્યું હતુ.આ અકસ્માત બાદ કન્ટેનરને ભારે નુકસાન થયુ હતુ.અને તેનો આગળનો ભાગ ખુરદો બની ગયો હતો. જોકે આ ભયાનક અકસ્માતમાં કન્ટેનરના ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળે છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ અંગે સંબંધિત તંત્રને જાણ કરવામાં આવી હતી.

## ભીલાડમાં રૂ.1 લાખના દારૂ સાથે બે ઝડપાયા

ઉમરગામ: ભીલાડ પોલીસે પોલીસ સ્ટેશન આગળ કટ પાસે ને.હા.નં.48 પર વોચ ગોઠવી પસાર થતાં ટેમ્પોની તપાસ કરતાં એલ્યુમિનિયમનો સામાન તથા મમરાની પ્લાસ્ટીક કોથળીઓની આડમાં સંતાડેલો દારૂ-બીયરની પેટીઓ મળી આવી હતી. પોલીસે ટેમ્પાચાલકનું નામઠામ પૂછતા અનિલ છોટેલાલ યાદવ (ઉં.વ.37, રહે., પાલઘર, મૂળ યુપી) અને તેની સાથેના ઈસમે સાદિક ઉર્ફે સાટીક ઉમરાન શેખ (ઉં.વ.25, રહે., સુરત) હોવાનું જણાવ્યું હતું. ટેમ્પોમાંથી મળી આવેલ દારૂની કિંમત આશરે 1,07,040 આંકવામાં આવી હતી. પોલીસે પકડાયેલાઓની વધુ પૂછતાછ કરતાં આ મુદ્દામાલ તલસારીથી દિપકે ભરી આપેલ અને સુરત ભાટા ગામે સંજય બાબુભાઈ દેવીજક (રહે., ઓલપાડ)એ મંગાવ્યો હતો. મોબાઈલ ફોન, દારૂનો જથ્થો અને વાહન મળી કુલ રૂ.11,17040નો મુદ્દામાલ કબજે કરી ભીલાડ પોલીસે પ્રોહિ.મુજબનો ગુનો નોંધ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### જલાલપોરમાં એકલવાયું જીવન જીવતા શખ્સનું હાર્ટ એટેકથી મોત

નવસારી: જલાલપોરના ગૌરીશંકર મહોલ્લા પાસે શાળા નંબર-6 નજીક પતરાની ચાલવાળી ગલીમાં રહેતા સુનિલકુમાર છગનભાઈ પટેલ (ઉં.વ.47)નું હાર્ટ એટેકથી મોત થયું હતું. સુનિલકુમાર પટેલ એકલવાયું જીવન જીવતા હતા અને ઘર પર એકલા જ રહેતા હતા. ઘટના અંગે જલાલપોર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વિજલપોરની અમીરાજ કોલોનીમાં એકનું મોત

નવસારી: જલાલપોરના વિજલપોરમાં આવેલી અમીરાજ કોલોનીમાં રહેતા ભરતકુમાર ભીખુભાઈ પટેલ (ઉં.વ.41) પોતાના ઘરે બેડ પર મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેઓ કેટલાક સમયથી બીમારીથી પીડાતા હોવાનું જાણવા મળ્યું છે. નવસારી ટાઉન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ડુંગરાના ફ્લેટમાંથી રૂ.1.90 લાખની ચોરી

વાપી: વાપી ડુંગરા સનરાઈઝ એવન્યુ ફ્લેટમાંથી તસ્કરો રોકડા અને ઘરેણા મળી કુલ રૂ.1.91 લાખ મતાની ચોરી કરી ગયા હતાં. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા, પીરમોરા ફળિયા સ્થિત સનરાઈઝ એવન્યુ ફ્લેટમાં વિનિત અવધેશ તિવારી (ઉં.વ.28) રહે છે. ગત તા.28-2-26 ના રોજ સવારે ફ્લેટને તાળું મારી દંપતી નજીકમાં રહેતા બહેનના ઘરે ગયા હતા. બપોરના સવા ત્રણેક વાગ્યાની આસપાસ પરત ફર્યા ત્યારે ફ્લેટના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હતું અને રૂમમાં સરસામાન વેરવિખેર હતો અને તિજોરીમાં રાખેલા રોકડા 3 હજાર અને સોના-ચાંદીના ઘરેણા મળી કુલ રૂ.1,91,500ની મતા ચોરી થઈ હતી. આ બનાવ અંગેની ફરિયાદ વિનિતે વાપી ડુંગરા પોલીસમથકે કરી હતી.

### યુવકે સગીરાને પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી

વાપી: વાપી નજીકના વિસ્તારમાં યુવકે સગીરાને પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી હોવાની ફરિયાદ પરિજનોએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી. મળતી વિગત અનુસાર, વાપી નજીકના વિસ્તારમાં પરિવારની 16 વર્ષીય પુત્રીને સંતોષ ગોંડ (ઉં.આ.21, મૂળ યુપી) એ લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી. જે બાદ તેણે સગીરા સાથે દુષ્કર્મ ગુજારતો હોય અને તેને ગર્ભ રહી ગયો હતો. એક દિવસ સગીરાની તબિયત લથડતા પરિવારજનોએ તબીબી ચકાસણી કરાવી હતી અને તેને ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું જે બાદ સગીરાએ પોતાની સાથે બનેલી આખી ઘટના પરિજનોને જણાવી હતી. વાપી ડુંગરા પોલીસમાં દુષ્કર્મ કરનાર સંતોષ સામે ફરિયાદ નોંધાવી હતી અને તે બાદ પોલીસે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### નવસારીમાં વિશ્વ મહિલા દિને નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો



સુરત: શ્રી નવસારી મોઢ વૈષ્ણવ વણિક પંચ, નવસારીએ નિરાલી મેમોરીયલ હોસ્પિટલ સાથે સંયુક્ત રીતે નિ:શુલ્ક મેડિકલ તપાસનો કેમ્પ આંતરરાષ્ટ્રીય વુમન ડેના દિને યોજાયો હતો, જેમાં 110 જેટલા લોકોએ લાભ લીધો. જેમાં કેન્સર સ્ક્રીનીંગ (મહિલા) અને સીબીસી ટેસ્ટ, થાઇરોઇડ વિગેરે ટેસ્ટ થયા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મયુર ગોળવાળા, ઉપપ્રમુખ પ્રશાંત પારેખ, મંત્રી ધ્રુવકાંત પરીખ તથા કમિટી સભ્યો હાજર રહી નિરાલી હોસ્પિટલનો તથા રામજી મંદિર ટ્રસ્ટનો આભાર માન્યો હતો. નિરાલી હોસ્પિટલના નિરવ પારેખ તથા કેન્સર એન્કોલોજીસ્ટ ડોક્ટરનું સન્માન કરાયું હતું.

# અયોધ્યા નગરથી એરૂ ચાર રસ્તા બનશે 'હેરિટેજ રોડ'

**લગભગ** ૧૪ કરોડના ખર્ચે ૨ કિમી માર્ગનું રૂપાંતર, દાંડી કૂચની સ્મૃતિઓને મળશે જીવંત અભિવ્યક્તિ




નવસારી: નવસારી શહેર હવે પોતાના ઐતિહાસિક ગૌરવને આધુનિક વિકાસ સાથે જોડવાનો અનોખો પ્રયાસ કરી રહ્યું છે. શહેરના વિજલપોર વિસ્તારમાં અયોધ્યા નગર સોસાયટીથી એરૂ ચાર રસ્તા સુધીના આશરે ૨ કિલોમીટર લાંબા માર્ગને 'હેરિટેજ રોડ' તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. નવસારી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે અંદાજે ૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

આ હેરિટેજ રોડ માત્ર માર્ગ વિકાસનો પ્રોજેક્ટ નથી, પરંતુ નવસારીની ઓળખ સમાન ઐતિહાસિક દાંડી કૂચની સ્મૃતિઓને જીવંત રાખવાનો પ્રયાસ છે. માર્ગ પર વિવિધ સ્થળોએ મહાત્મા ગાંધી અને સ્વાતંત્ર્ય આંદોલન સાથે જોડાયેલી આકર્ષક શિલ્પકૃતિઓ અને મ્યુરલ્સ તૈયાર કરવામાં આવશે. જેના કારણે આ માર્ગ પરથી પસાર થનાર દરેક વ્યક્તિને ઈતિહાસની ઝાંખી અનુભવાશે.

પ્રોજેક્ટ અંતર્ગત માર્ગને ૧૮ મીટર પહોળાઈ સાથે આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવવામાં આવશે. સુંદર સ્ટ્રીટ લાઈટ્સ, બેસવા માટેના બાંકડા, હરિયાળી અને આકર્ષક લેન્ડસ્કેપિંગથી સમગ્ર માર્ગને એક નવી ઓળખ આપવામાં આવશે.

આ માર્ગ માત્ર વાહનવ્યવહાર માટે જ નહીં પરંતુ શહેરના નાગરિકો માટે ફરવા, સમય વિતાવવા અને ફોટોગ્રાફી માટેનું એક આકર્ષક સ્થળ બની રહેશે. અયોધ્યા નગરથી એરૂ ચાર રસ્તા સુધી વિકસતો આ હેરિટેજ રોડ પૂર્ણ થયા બાદ નવસારી શહેરની શાનમાં નોંધપાત્ર વધારો કરશે અને શહેરને એક નવી ઓળખ આપશે.

# રેતીની આડમાં હેરાફેરી, રૂ.45.67 લાખના દારૂ સાથે એક ઝડપાયો

**દારૂ** ભરાવનાર સેલવાસનો ચિરાગ વોન્ટેડ, રૂ. 60.72 લાખનો મુદ્દામાલ કબજે

પારડી: વલસાડ એલસીબી પોલીસે બગવાડા ટોલનાકા હાઈવે પરથી રેતીની આડમાં લઈ જવાતો રૂ.45.67 લાખના દારૂ સાથે ડમ્પરચાલકને ઝડપી પાડ્યો હતો.

વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે, પારડીના બગવાડા ટોલનાકા હાઈવે પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન વર્ણવેલ નંબરવાળું ડમ્પર આવતા પોલીસે અટકાવી તપાસ કરતાં તેમાં રેતી ભરેલી હતી અને વધુ તપાસ કરતાં પરમિટ વિનાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત આશરે 45.67 લાખ આંકી હતી. પોલીસે ડમ્પરચાલકનું નામઠામ પૂછતા શુભલાલ મોતીલાલ શાહુ (રહે., મધ્યપ્રદેશ) હોવાનું અને આ દારૂ ભરેલું ડમ્પર ચિરાગ (રહે., સેલવાસ) એ આપ્યો હતો. દારૂનો જથ્થો, ડમ્પર, મોબાઈલ સહિત કુલ રૂ. 60.72 લાખનો મુદ્દામાલ કબજે કરી એકને વોન્ટેડ બતાવી પારડી પોલીસમથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### રંબલ સ્ટ્રીપથી સીમલક-ડાભેલના લોકો પરેશાન

# રસ્તા પરથી ભારે વાહન પસાર થાય તો ભૂકંપ જેવું કંપન

નવસારી: જલાલપોરના સીમલક અને ડાભેલ ગામ વચ્ચેના મુખ્ય માર્ગ પર બનાવવામાં આવેલી રંબલ સ્ટ્રીપ સ્થાનિકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. ભારે વાહનો આ સ્ટ્રીપ પરથી પસાર થતાં આસપાસના મકાનોમાં કંપન અને ભારે અવાજ થતો હોવાનો રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે.

સીમલક ગામના રહેવાસી રશીદ ભાણાએ જણાવ્યું હતું કે જ્યારે ટ્રક અથવા મોટા વાહનો આ માર્ગ પરથી પસાર થાય છે ત્યારે જમીન ધ્રુજતી હોય તેમ અનુભવ થાય છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર નવસારી-વેરાવળ માર્ગ પર પૂર્ણા નદીનો બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા હવે મોટાભાગના ટ્રક અને અન્ય વાહનો ડાભેલ-સીમલક માર્ગ પરથી જ પસાર થઈ રહ્યા છે. જેના કારણે આ માર્ગ પર વાહનોની અવરજવર વધી ગઈ છે અને રંબલ સ્ટ્રીપ પરથી પસાર થતા વાહનોના કારણે કંપન અને અવાજની સમસ્યા વધુ ગંભીર બની છે.

આ માર્ગ નજીક આવેલી સીમલક હાઈસ્કૂલમાં હાલ એસ.એસ.સી બોર્ડ પરીક્ષાનું કેન્દ્ર કાર્યરત હોવાથી શાળાની તરફથી તંત્રને લેખિત રજૂઆત કરી જણાવાયું છે કે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને ધ્યાન કેન્દ્રિત કરવામાં અડચણો આવી રહી છે. સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે છેલ્લા બે મહિનાથી તંત્રને મોખીક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં સમસ્યાનું કોઈ ઉકેલ આવ્યો નથી. તેથી રંબલ સ્ટ્રીપ દૂર કરી સરકારના નિયમો મુજબ ડામરના સ્પીડ બ્રેકર બનાવવામાં આવે તેવી માંગ ગ્રામજનોએ ઉઠાવી છે.

**શ્રી સી. કે. જોષી, ઈ/ચા. સંયુક્ત ચેરિટી કમિશ્નરશ્રી, સુરત વિભાગ, સુરત સમક્ષ**
**સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી,**
**એ-બ્લોક,૪થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.**

ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ ની કલમ-૫૦(એ) અન્વયે,
સ્કીમ અરજી નંબર:૪૬/૨૦૨૫.

ટ્રસ્ટનું નામ અને નોંધણી નંબર:-એકલીંગજી ચેરીટેબલ ટ્રસ્ટ, ઈ/૨૦૨૩/વલસાડ
ટ્રસ્ટનું સરનામું:- એકલીંગજી ચેરીટેબલ ટ્રસ્ટ, સર્વે નંબર - ૨૯૨/૧, ૨૩, ને.હા.નં. ૮, મુ. ઓરવાડ્મ ઉદવાડા (આર.એસ) તા. પારડી, જિ.વલસાડ
અરજદારો:- શ્રી હેમંત ગુણવંતરાય ભટ્ટ વિગેરે
ઠે. ૦૯, શિવકૃપા, દેસાઈવાડ, સલવાવ, તા. વાપી, જી. વલસાડ - ૩૯૬૧૯૧

વિરૂધ્ધ

સામાવાળાઓ :- કોઈ નથી. **જાહેર નોટીસ**

ઉપર જણાવેલ અરજદારોએ સુરત વિભાગના સંયુક્ત ચેરીટી કમિશનરશ્રી સમક્ષ ધી ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ કલમ-૫૦ (એ)(૧) અન્વયે અરજી રજૂ કરી ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા, વહીવટ તેમજ સરળ સંચાલન માટે યોજના (સ્કીમ) ઘડી આપવા દાદ માંગેલ છે. આથી સદરહુ ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને જાણકારી આપવામાં આવે છે કે
(૧) સદરહુ ટ્રસ્ટની સ્કીમ ઘડવી કે કેમ?
(૨) સ્કીમ ઘડવી તો કેવી ઘડવી?

તે બાબતે જે કોઈ હિતાધિકારીને વાંધો હોય, કે સુચનો હોય તો તે બાબતે પોતાની લેખિત રજુઆત આધાર પુરાવા, સોગંદનામા સાથે સદર નોટિસ પ્રસિદ્ધ થયા થી તારીખ ૧૬/૦૪/૨૦૨૬ સુધીમાં ઉપર જણાવેલ સરનામે, આ કચેરીમાં જાતે અથવા તો વકીલ મારફતે અથવા ટપાલ મારફતે વાંધા/સૂચનો રજૂ કરવાના રહેશે અને તેવા હિતાધિકારીઓ/વાંધાદારો એ તેઓની રજૂઆતની એક નકલ અરજદારને પણ રજી.પો.એ.ડી.થી મોકલવાની રહેશે. સદર કામની હવે પછીની સુનાવણીની તારીખ.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ બપોરે ના ૧૨-૩૦ કલાકે, અત્રેની કચેરીમાં ઉપરોક્ત સરનામે રાખવામાં આવેલ છે. તો સદરહુ તારીખે અને સમયે વાંધા, સુચનો રજુ કરનારએ જાતે કે અધિકૃત પ્રતિનિધી મારફત રૂબરૂમાં હાજર રહી સુનાવણી કરવાની રહેશે, જો તે મુજબ કરવામાં કસુર થશે તો, આ અરજી પરત્વે સંસ્થાના હિતમાં જરૂરી અને યોગ્ય લાગે તેવો કાયદાકીય જોગવાઈઓ હેઠળ હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

| સહી/- | સહી/- | સહી/- |
|---|---|---|
| તૈયાર કરનાર: | મુકાબલ કરનાર: | (સી.કે. જોષી) |
| (સી.એલ. ગાંગાણી) | (એસ. પી.ચૌધરી) | ઈ.ચા.સંયુક્ત ચેરિટી કમિશ્નર, |
| હિસાબનીશ | અધિક્ષક | સુરત વિભાગ,સુરત. |

**જાહેર ચેતવણી**

**નવસારી ડીસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામઃ વાડાના જુના બ્લોક/સર્વે નંબર-૫૨, નવા બ્લોક/સર્વે નંબર-૨૭** વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦૧-૨૧-૪૧ હે.આરે.ચોમી. આકાર રૂા.૨૬.૭૫ પૈસા વાળી ખેતીની જૂની શરતની જમીનના સહમાલિકો **(૧) બશીર અબ્દુલહૈ પટેલ (૨) ફરીદા અબ્દુલહૈ પટેલ (૩) સઈદા અબ્દુલહૈ પટેલ (૪) રસીદ અબ્દુલહૈ પટેલ (૫) સુગરા અબ્દુલહૈ પટેલ અને (૬) રૂકસાના અબ્દુલહૈ પટેલ** વિગેરેનાઓએ તેમનાં વણવહેંચાયેલા હિસ્સાની ૭૮૦૯ ચો. મી. જમીન સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી વતી જમીન ખરીદનાર શ્રી બાલુભાઈ પરસોત્તમભાઈ પટેલને સાટાખત, કબજા રસીદ, પાવર ઓફ એટર્ની અને જનરલ પાવર ઓફ એટર્ની સહિતનાં લખાણો લખી આપેલા, જે તારીખ:૨૩/૦૧/૨૦૦૬ના રોજ નોટરીશ્રી કિશોર રેવલીયાના નોટરી રજીસ્ટરે સીરીયલ નંબર ૨૮૮/૦૬ થી ૨૯૧/૦૬થી નોટરાઈઝડ થયેલ છે તેમજ જમીન ખરીદ અંગેનો પુરેપુરો વેચાણ અવેજ સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ) વતી શ્રી બાલુભાઈ પરસોત્તમભાઈ પટેલનાએ ઉપરોકત સહમાલિકોને વર્ષ ૨૦૦૬મા ચુકવી આપેલ છે.

સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ) માં જમીન ખરીદ પ્રકરણો થયા હતા, **જેની કુલ ચાર FIR સુરત ક્રાઈમ બ્રાંચ તથા એક FIR અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે,** જેના પ્રકરણો સુરત કોર્ટ તથા નામદાર હાઈકોર્ટમાં ચાલી રહયાં છે. ઉપરોકત જમીન માલિક ખેડૂતો પૈકીનાઓએ તેમનાં હક, હિસ્સાની જમીનનો પૂરેપૂરો વેચાણ અવેજ તેમને મળી ચૂકેલ હોવાનો તેમજ સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ)ના નામે દસ્તાવેજ કરી આપવા અંગેના નિવેદન સુરત ક્રાઈમ બ્રાંચમાં નોંધાવેલ છે.

અમારા જાણમાં આવ્યું છે કે, આ તમામ હકીકતોથી માહિતગાર હોવા છતાં મજકુર જમીન માલિકો પૈકી **ફરીદા અબ્દુલ હૈ વેસમિયા તે અબ્દુલહૈ પટેલની દિકરી તથા તેમના પુત્ર મોહંમદહનીફ અબ્દુલ હૈ વેસમિયાના**ઓએ અન્ય સહમાલિકોને ગેરમાર્ગે દોરી સદરહુ વેચાણ કરેલ **જમીનના સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી** તરફે લખાણો કરવાના હોવાનું જણાવી સદરહુ જમીનના ટાઈટલમાં ક્ષતિ અને ખોટા લીટીગેશન ઉભા કરવાની બદદાનતે તેમની પાસેથી સહીઓ મેળવી કુટલેખન કરેલ છે અને વર્ષ ૨૦૦૬માં વેચાણ થઈ ગયેલ મજકુર જમીનનો ત્રાહિત સાથે સોદાબાજી કરેલ હોવાનું જાણમાં આવેલ છે.

**નવસારી ડીસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામઃ વાડાના બ્લોક/સર્વે નંબર-૫૨, નવા બ્લોક/સર્વે નંબર-૨૭ વાળી જમીન પૈકી વણવહેંચાયેલી ૭૮૦૯ ચોમી. જમીનમાં સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ)ના હિત સંકળાયેલા હોય** મજકુર જમીન પૈકીના વણવહેંચાયેલ હક, હિસ્સાની જમીન બાબતે યા તેનાં કોઈપણ ભાગ સંદર્ભમાં કોઈપણ પ્રકારે સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ)ના હકકોને નુકસાન પહોંચે તે રીતે કોઈપણ વ્યકિત, સંસ્થા વિગેરેનાએ કોઈપણ પ્રકારના ખરીદ, વેચાણ, બક્ષિસ, ગીરો, કરાર કે ભાડેથી કે સાટાખત તથા કબજા ફેરફાર સહિતની હરકોઈ પ્રકારે જમીનો ટ્રાન્સફર કરવા અંગેની કાર્યવાહી, લખાણો કે વ્યવહાર કરવા-કરાવવા નહીં, તેમ છતાં જો કોઈ તેવો વહેવાર કર્યા હશે યા કરશે તો તે સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીને બંધનકર્તા રહેશે નહીં અને તેવી વ્યકિતઓએ કોર્ટ પ્રકરણમાં સંડોવાઈને મોટા ખર્ચમાં ઉતરવાનું રહેશે તેમજ તકરાર સિવાય કાંઈપણ હાંસલ થશે નહીં, જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૧૦/૦૩/૨૦૨૬

**મોહંમદ નવેદ એ શેખ - એડવોકેટ**
**જોઈન્ટ સેક્રેટરી**
**સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી**
**અઠવાગેટ, નાનપુરા, સુરત**